વલસાડ મનપાની હોસ્પિ.નો અંધેર વહીવટ: દર્દીઓ પરેશાન

સુરતની એજન્સીને બ્લેકલિસ્ટ કરવા અપક્ષ સભ્યની ચીફ ઓફિસર સમક્ષ રજૂઆત

વલસાડ: સ્થાનિક મ્યુનિસિપલ હોસ્પિટલના કથળતા જતા વહીવટ અને સુરતની આઉટસોર્સિંગ એજન્સીની ગંભીર બેદરકારી સામે પાલિકાના એક જાગૃત સભ્યએ મોરચો માંડ્યો છે. પાલિકાના વોર્ડ નં. ૧ના અપક્ષ સભ્ય નિમિષાબેન ગિરીશકુમાર ટંડેલે ચીફ ઓફિસરને એક પત્ર લખીને હોસ્પિટલમાં ચાલતી ગેરરીતિઓનો પર્દાફાશ કર્યો છે અને જવાબદાર એજન્સીને તાત્કાલિક ધોરણે બ્લેકલિસ્ટ કરવાની માંગ કરી છે.

ફરિયાદમાં આક્ષેપો કરતા જણાવ્યું કે, હોસ્પિટલમાં સિક્યોરિટી અને અન્ય સેવાઓ સંભાળતી સુરતની એજન્સી શક્તિ પ્રોટેક્શન ફોર્સ પ્રાઈવેટ લીમીટેડના કેટલાક મહિલા સ્ટાફના સત્તા-અધિકારીના સગા સંબંધીઓ સાથે ગેરકાયદેસર સંબંધો છે. જેના કારણે હોસ્પિટલની ગરિમા અને પ્રતિષ્ઠા ખરડાઈ રહી છે.

તેમણે ફરિયાદમાં વધુમાં જણાવ્યું કે, આ એજન્સીનો કરાર શ્રમ વિભાગના લઘુત્તમ વેતનના નિયમ પ્રમાણે રિન્યુ કરવામાં આવ્યો હતો. તેમ છતાં, છેલ્લા દોઢ વર્ષથી શક્તિ પ્રોટેક્શન ફોર્સ પ્રા. લિ. એજન્સી દ્વારા ટેન્ડરની શરતોનું પાલન કરવામાં આવતું નથી. હોસ્પિટલમાં પૂરતો સ્ટાફ ન ફાળવાતા અને હાજર સ્ટાફની ઘોર બેદરકારીને કારણે દર્દીઓની સેવાઓ અને વ્યવસ્થા અસ્ત-વ્યસ્ત થઈ ગઈ છે. ગરીબ દર્દીઓની સારવાર કરતા ડોક્ટરો પોતાના સ્તરે હોસ્પિટલની વ્યવસ્થા અને બદનામી રોકવા મથામણ કરી રહ્યા છે, પરંતુ એજન્સીના નબળા વહીવટ સામે તેઓ પણ લાચાર બન્યા છે.

અપક્ષ કાઉન્સિલરે આ બાબતને અત્યંત ગંભીર ગણાવીને ચીફ ઓફિસરને તાકીદ કરી છે કે, હોસ્પિટલની વ્યવસ્થા સુધારવા અને ભ્રષ્ટાચાર મુક્ત કરવા માટે આ શક્તિ પ્રોટેક્શન ફોર્સ એજન્સીને તાત્કાલિક બ્લેકલિસ્ટ કરવામાં આવે.

બીલીમોરામાં વરસાદી પાણીની લાઈનોમાં ડ્રેનેજ જોડાણો!

ગંદકીના કારણે રોગચાળો ફાટી નીકળવાનો ભય લોકોને સતાવી રહ્યો છે

બીલીમોરા: બીલીમોરા નગરપાલિકાની ચોમાસા પૂર્વની સફાઈ કામગીરી દરમિયાન એક મોટી લાપરવાહી સામે આવી છે. શહેરમાં વરસાદી પાણીના નિકાલની લાઈનોમાં વર્ષો પહેલાં GUDC દ્વારા નંખાયેલી ભૂગર્ભ ગટરમાં અનેક મોટી બિલ્ડિંગોના ડ્રેનેજ અને સેપ્ટિક ટેન્કના જોડાણો સીધા જોડી દેવાયા હોવાનું જોવા મળ્યું છે.

કરોડોના ખર્ચે થયેલી કામગીરીમાં માત્ર વેઠ ઉતારાઈ હોય તેમ આડેધડ જોડાણો અપાતા ઠેર-ઠેર ગંદુ પાણી ભરાઈ રહ્યું છે,બહાર આવી રહ્યું છે, ગંદકી ફેલાઈ રહી છે. પરિણામે રોગચાળો ફાટી નીકળવાનો ભય લોકોને સતાવી રહ્યો છે.

એક તરફ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ દ્વારા રેઈન વોટર હર્વેસ્ટિંગ અને જળ સંચયની વાતો કરાય છે, ત્યારે બીલીમોરાની આ સ્થિતિને કારણે શુદ્ધ વરસાદી પાણી સાથે ગંદુ પાણી ભળવાથી ભૂગર્ભ જળ દૂષિત થવાનો મોટો ખતરો ઊભો થયો છે.

ચોમાસામાં આ ગટરો ઓવરફ્લો થતાં રોગચાળો ફાટી નીકળવાની પણ દહેશત છે. જાગૃત નાગરિકોના મતે જો મોટી બિલ્ડિંગોના કનેક્શન તપાસાય તો મોટું કૌભાંડ બહાર આવી શકે તેમ છે.

ઘોડા છૂટી ગયા બાદ તબેલાંને તાળાં મારવા જેવી હાલત

ઘોડા છૂટી ગયા બાદ તબેલાંને તાળાં મારવા જેવી પાલિકાની વાત છે. દર વર્ષે ચોમાસા પેહલા થતી પ્રિમોન્સૂનની કામગીરીમાં આ સમસ્યા સામે આવે જ છે. પણ એવું ક્યારેય બન્યું નથી કે કસૂરવારો સામે પાલિકા એ કોઈ પગલાં લીધા હોય. જો કોઈ નગરજન કે નાગરિક પાલિકાના વેરા કે અન્ય ભરણા ભરવામાં કોઈક કારણોસર ચૂકી જાય કે વિલંબ થાય તો પાલિકા તાબડતોબ પગલાં ભરે છે, તો પછી આવા લોકો સામે કેમ પગલાં ભરતી નથી કે જેઓ ગટરનું કે ખાળકૂવાના પાણીનો નિકાલ સીધે સીધો વરસાદી પાણીની ગટરમાં કરે છો? જવાબદારો સામે સામે કડક પગલાં ભરી બીલીમોરા શહેરને ગંદુ થતું પાલિકા અટકાવશે કે પછી બધું સમય સાથે ભૂલાય જશે?

તપાસનો આદેશ અપાયો છે: પ્રમુખ મનીષ પટેલ

આ બાબત અમારા ધ્યાને આવી છે. મેં કર્મચારીઓને તપાસના આદેશ આપી દીધા છે. તપાસમાં જે પણ બિલ્ડિંગ કે સંસ્થાનું ડ્રેનેજ કનેક્શન વરસાદી લાઈનમાં મળશે, તેને તાત્કાલિક સીલ મારી કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમ બીલીમોરા નગરપાલિકાના પ્રમુખ મનીષ પટેલે કહ્યું હતું.

સંક્ષિપ્ત સમાચાર

ખોટો મેસેજ મોકલી ગઠિયાએ વલસાડના વૃદ્ધના રૂ. 45 હજાર ટ્રાન્સફર કરાવી લીધા

વાપી/વલસાડ: વલસાડ બ્રહ્મદેવ વડ પાસે રહેતા શૈલેષભાઈ ઈન્દ્રસિંહ દસોંદી (ઉ.વ. 72) ગત તા.9-5-26ના રોજ મોબાઈલ ફોન પર અજાણ્યાનો ફોન આવ્યો હતો અને હિન્દી ભાષામાં જણાવ્યું કે, ભગુભાઈ બોલ રહા હું શૈલેષભાઈ કેશે કહી વાતચીત કરી હતી. જેથી વૃદ્ધને તેમનો મિત્ર હોવાનો ખ્યાલ રહી ગયો હતો. જે બાદ ફોન કરનારે જણાવ્યું કે, ગુગલ પે આઈડી ચાલતી નથી તમારા એકાઉન્ટ પર રૂ.45,500/- ટ્રાન્સફર કરું છું કહી તે રકમ આવી હતી. તે પૈસા જમા કરાવ્યાનો ખોટો મેસેજ મોકલ્યો હતો. જે બાદ તેણે યુપીઆઈ આઈડી આપી થોડા-થોડા પૈસા ટ્રાન્સફર કરવાનું જણાવ્યું હતું. થોડીવારમાં પુત્રી ઘરે આવી જતા આ વાતની જાણ થઈ હતી અને સાયબર ક્રાઈમ હેલ્પમાં ફરિયાદ નોંધાવી હતી. પૈસા ટ્રાન્સફર કરાવ્યાના ખોટા મેસેજ મોકલી રૂા.45,500નો વિશ્વાસઘાત કરનાર સામે શૈલેષભાઈએ વલસાડ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

અતુલમાં યોજાયેલી પર્વતારોહણ સ્પર્ધામાં 102 સ્પર્ધકો જોડાયા

વલસાડ: અતુલ ઉલ્હાસ જીમખાના દ્વારા પારનેરા ડુંગર પર પર્વતારોહણ સ્પર્ધા યોજાઈ હતી. જેની માહિતી આપતા ઉલ્હાસ જીમખાનાનાં જનારલ સેક્રેટરી જે.ડી. પટેલે જણાવ્યુ હતું કે, આ સ્પર્ધામાં અતુલ લિમિટેડનાં કર્મચારીઓ અને તેમના પરિવારજનો મળી કુલ ૧૦૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ચાર ગ્રુપ પાડવામાં આવ્યા હતાં. (a) ૧૫ વર્ષથી નીચે (b) ૧૫ વર્ષથી ૪૦ વર્ષ સુધી (c) ૪૦ વર્ષથી ૫૫ વર્ષ સુધી (d) ૫૫ વર્ષથી ઉપરના. આ દરેક ગ્રુપમાં વિનર અને રનર અપ (સ્ત્રી/પુરુષ) સર્વેને ૪ ઇનામો આપવાનું નક્કી કર્યુ હતું. તે પૈકી ૧૫ વર્ષથી નીચેના ગ્રુપમાં વિયાન ભાટિયા, ધર્મા પટેલ અને ગૌરી યાદવ, આધ્યા હીરપરા, ૧૫થી ૫૦ વર્ષના ગ્રુપમાં ધર્મેશ નાયકા, વેદ માંડલિયા અને ઝીલ પટેલ, રોમા યાદવ, ૫૦થી ૫૫ વર્ષના ગ્રુપમાં અલ્પેશ હીરપરા, અનિલ મિશ્રા અને ઈલા પટેલ, સંધ્યા પટેલ ૫૫ વર્ષથી ઉપરના ગ્રુપમાં પ્રથમેશ ભટ્ટ, અરૂણ પટેલ અને કલ્પના પટેલ, બેલા સીદિકિ આ તમામ વિજેતા/ઉપવિજેતા ખેલાડીઓને, ઉલ્હાસ જીમખાના પ્રેસિડેન્ટ વિવેક ગદરે, જનરલ સેક્રેટરી જે.ડી. પટેલ, અંકિત મંકોડી, જિતેન પટેલ, રાજેશ મહેતા, કેયુર મહેતાના હસ્તે ટ્રોફીઓ તથા રોકડ પુરસ્કાર એનાયત થયા હતાં. આ ટૂર્નામિન્ટને સફળ બનાવવા માટે હેમંત પટેલ, પ્રકાશ બારોટ, રોનક ભંડારી, કિરણ પોખરકર, મનોજ દીઘેનો વિશેષ ફાળો રહ્યો હતો.

વલસાડ માર્કેટ યાર્ડમાં કેરી ખરીદવાના બહાને બુરખાવાળી મહિલા રૂ.1 લાખ ચોરી ગઈ

વાપી/વલસાડ: રહે છે. વલસાડ એપીએમસી માર્કેટમાં ભાગીદારીમાં ધરાવતા સંદિપ વિજયકુમાર તિવારી (ઉં.38, રહે: વલસાડ મોગરાવાડી સ્થિત પ્રભુવાટિકા એપાર્ટમેન્ટ)એ ગત તા.27ના રોજ દુકાનમાં કેરીનાં બોક્ષો વેચાણ કરવા માટે મૂક્યા હતાં. બપોરના ત્રણ વાગ્યાની આસપાસ કેરીના વેચાણના હિસાબ કરતા રોકડા 2,62,000 હતા અને તે ગલ્લામાં મૂકેલા હતાં. બપોરના સાડા ત્રણેક વાગ્યાની આસપાસ રીક્ષામાં બુરખો પહેરેલ મહિલા ઉતરી દુકાનમાં આવી હતી અને કેરી ખરીદી હતી ત્યારબાદ તેણે કેસર કેરી નહીં હાફુસ કેરી જોઈએ છે કહ્યું હતું અને પૈસા પરત આપી દેવાનું જણાવ્યું હતું અને તેઓને રૂ.1500/- આપી દીધા હતાં. મહિલાએ કહ્યું કે, રૂ.1 હજાર જ આપ્યા છે. જે બાદ મહિલાએ રૂ.500/- મળી ગયેલ છે કહી સોરી બોલી જતી રહી હતી. અડધો કલાક બાદ ખેડૂત કેરીના પૈસા લેવા આવ્યો ત્યારે ગલ્લામાંથી રૂ.50 હજારના બે બંડલો મળી કુલ રૂ.1 લાખ જોવા મળ્યા ન હતાં. જેથી અજાણી મહિલા સામે શક હોય રૂ.1 લાખ ચોરી થયાની ફરિયાદ સંદિપે વલસાડ ટાઉન પોલીસ મથકે કરી હતી.

વલસાડના વેપારીએ મૂવી જોવા એપીકે ફાઈલ ચાલુ કરી અને રૂ. 95 હજાર ઉપડી ગયા

વાપી/વલસાડ: વલસાડ ગ્રીનપાર્કમાં રહેતા સફી મુસ્તાક શેખ (ઉ.50)ને એકાદ મહિના પહેલા મિત્રનો સંપર્ક થયો હતો અને ફ્રી મૂવી જોવા માટે શું કરવું પૂછતા તેણે વોટસએપ મોબાઈલ ઉપરથી એક એપીકે ફાઈલ મોકલાવી હતી. ગત તા.26મીએ રાત્રે મૂવી જોવા માટે તેમણે એપીકે ફાઈલ ઈન્સ્ટોલ કરી હતી. બીજા દિવસે બપોરના સમયે મુવી જોવા માટે ફાઈલ ઓપન કરતા મોબાઈલ સ્ક્રીન ચાલુ-બંધ થવા લાગી હતી. જે બાદ બેંક ઓફ બરોડાના ટોલ ફ્રી નંબરથી રૂ.95 હજાર ટ્રાન્ઝેકશન થયાનો ફોન આવ્યો હતો જેમાં પહેલું ટ્રાન્ઝેકશન ફેલ થયેલ છે અને બીજુ સકસેસ. જે બાદ તેઓ વલસાડ સ્ટેશન રોડ સ્થિત બેંકમાં પહોંચી એકાઉન્ટ બ્લોક કરાવ્યું હતું. આ બનાવ અંગેની સફી શેખે વલસાડ ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ કરી હતી.

વાપીવાસીઓ આજે પાણીથી વંચિત રહેશે

વાપી: વાપી ગીતાનગર વિસ્તારમાં નવી પાઈપ લાઈન નાંખવામાં આવેલી છે. આ પાઈપલાઈનનું મેઈન લાઈન સાથે ટેપિંગ કામ હાથ ધરવામાં આવશે. જેથી આવતી કાલ તા.30મીએ સવારે 4:30થી 5:30 કલાક સુધી કોળીવાડ તથા ઇમરાન નગર વિસ્તાર, સવારે 5:30થી 6:30 કલાક સુધી ગોદલ નગર તથા મહેસાણા સોસાયટી વિસ્તાર, સવારે 7:15થી 8:15 કલાક સુધી ગીતા નગર વિસ્તાર, સવારે 8:15થી 9:15 કલાક સુધી આસોપાલવ તથા કોપરલી રોડ વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રહેશે.

હાઇવે પર ફ્રૂડ ઓઇલ ચોરીનું રેકેટ ઝડપાયું

નવસારી: નવસારી જિલ્લા એલ.સી.બી. અને ચીખલી પોલીસે સંયુક્ત કાર્યવાહી કરીને આલીપોર ગામની સીમમાંથી ફ્રૂડ ઓઇલ અને ડામર ચોરીના સંગઠિત રેકેટનો પર્દાફાશ કર્યો છે. બાતમીના આધારે પાર્થ ખાણ સામેના કાચા રસ્તા તેમજ આલીપોર ડુંગરી ફળીયામાં દરોડા પાડીને પોલીસે બે ટેન્કરના ચાલકો સહિત કુલ પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે કાર્યવાહી દરમિયાન બે ટેન્કરો, ૩૪૦૦ લીટર ડામર ભરેલા ૧૭ બેરલ, ૯૦૦ લીટર ફ્રૂડ ઓઇલ, મહિન્દ્રા પિકઅપ અને મોબાઇલ ફોન સહિત કુલ રૂ. ૮૬.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસ મુજબ ટેન્કર ચાલકો મુંબઈના ખાર વિસ્તારમાં આવેલી 'Hindustan Oil Exploration Company Limited'માંથી ફ્રૂડ ઓઇલ ભરી ભાવનગર તરફ જતા હતા. રસ્તામાં આલીપોર ગામ નજીક મુખ્ય આરોપી પ્રકાશ ખટીક ટેન્કરોને ઉભા રાખી ચાલકોના મેળાપીપણામાં ફ્રૂડ ઓઇલ અને ડામરનો જથ્થો કાઢી લેતો હતો. પોલીસના જણાવ્યા મુજબ દરેક ટેન્કરમાંથી આશરે ૨૦૦ લીટર જેટલું ફ્રૂડ ઓઇલ ચોરી કરવામાં આવતું હતું. ચોરી કરાયેલા ફ્રૂડ ઓઇલ માટે પ્રતિ લીટર રૂ. ૩૦ અને ડામર માટે રૂ. ૬૦ પ્રમાણે રોકડ ચૂકવણી કરવામાં આવતી હતી. બાદમાં આ જથ્થો આલીપોર ડુંગરી ફળીયામાં ભાડે રાખેલા પ્લોટમાં સંગ્રહ કરવામાં આવતો હતો. આ સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વલસાડ: અકસ્માતમાં ઇજાગ્રસ્ત યુવાનનું પાંચ દિવસ બાદ મોત

વાપી/વલસાડ: વલસાડ કોચવાડા સડક ફળિયામાં રહેતા ટીનુબેન બાબુભાઈ તલાવિયા (ઉ.વ.40)ના મોટા ભાઈ શૈલેષ (ઉં.53) ગત તા.24મીએ બાઈક લઈને બાજુના ફળિયામાં ગયા હતાં. સાડા ચારેક વાગ્યાની આસપાસ પૂરપાટ ઝડપે દોડી રહેલ કારની ટક્કર બાઈકને લાગી હતી અને અકસ્માત સર્જાયો હતો. અકસ્માત કરનાર કારચાલક મયુર સુભાષભાઈ પટેલ (ઉ.વ. 24, રહે. ડુંગરા-ડુંગરી ફળિયા, વંકાછ-વાપી) હોવાનું જાણવા મળ્યું હતું. ઈજાગ્રસ્ત ભાઈને 108 એમ્બ્યુલન્સ દ્વારા વલસાડ કસ્તુરબા હોસ્પિટલમાં લઈ ગયા હતા જ્યાં તેમની સારવાર 5 દિવસ સુધી ચાલી હતી અને ત્યારબાદ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

આણંદ જિ.પં. પ્રમુખની વરણી મુદ્દે નવસારી કોંગ્રેસનો આક્રોશ

નિમણૂક રદ કરવાની વાતને લઈ આદિવાસી સમાજ રાજ્યભરમાં આંદોલન છેડશે

નવસારી: નવસારી જિલ્લા કોંગ્રેસ સમિતિએ આણંદ જિલ્લા પંચાયત પ્રમુખપદની વરણી મુદ્દે ભાજપ સરકાર સામે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. કોંગ્રેસના આગેવાનોનો આરોપ છે કે અનામત વ્યવસ્થાની મૂળ ભાવનાને બાજુએ મૂકી રાજકીય લાભ માટે નિયમો સાથે ચેડાં કરવામાં આવ્યા છે. આ સમગ્ર મામલાને લઈને કોંગ્રેસે ભાજપ પર SC/ST સમાજના હકોને નુકસાન પહોંચાડવાનો સીધો આક્ષેપ કર્યો છે.

કોંગ્રેસના જણાવ્યા મુજબ, જે ઉમેદવારને આદિવાસી અનામત બેઠક પરથી પ્રમુખપદ સોંપાયું છે, તે મૂળ મહારાષ્ટ્રમાં જન્મેલા છે અને બાદમાં ગુજરાતમાં સ્થાયી થયા હોવાનું કહેવાય છે. પક્ષના નેતાઓએ દાવો કર્યો કે સુપ્રીમ કોર્ટ અને વિવિધ હાઈકોર્ટના ચુકાદાઓ અનુસાર અન્ય રાજ્યમાંથી આવેલા વ્યક્તિને સ્થળાંતરિત રાજ્યમાં અનામતનો લાભ મળવો કાયદાકીય રીતે વિવાદાસ્પદ બાબત ગણાય છે. તેમ છતાં ભાજપે પોતાના રાજકીય હિત માટે કાયદાની ભાવનાને અવગણ્યાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે.

આ મુદ્દે નવસારી કોંગ્રેસે જણાવ્યું કે જો આવી પ્રથાઓને પ્રોત્સાહન મળશે તો ગુજરાતના મૂળ આદિવાસી અને અનુસૂચિત જાતિના યુવાનોના નોકરી, શિક્ષણ અને રાજકીય પ્રતિનિધિત્વ જેવા હકો પર સીધી અસર પડશે. કોંગ્રેસના આગેવાનોનું કહેવું છે કે અનામત કોઈ રાજકીય સોદાબાજીનું સાધન નહીં પરંતુ સામાજિક ન્યાયની વ્યવસ્થા છે, અને તેની સાથે કરવામાં આવતી ગેરરીતિ સમગ્ર સમાજ માટે ચિંતાજનક છે.

કોંગ્રેસ આગેવાન શૈલેષ પટેલે ભાજપ સરકાર પર પ્રહાર કરતાં જણાવ્યું કે રાજ્યમાં બંધારણીય હકોને નબળા પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તેમણે માંગ કરી કે સમગ્ર મામલે પારદર્શક તપાસ થવી જોઈએ અને જો ગેરરીતિ સાબિત થાય તો વિવાદાસ્પદ વરણી તાત્કાલિક રદ કરવી જોઈએ. સાથે જ તેમણે ચેતવણી આપી કે સરકાર જો આ મુદ્દે મૌન રહેશે તો કોંગ્રેસ અને આદિવાસી સમાજ રાજ્યભરમાં ઉગ્ર જનઆંદોલન શરૂ કરશે.

ડાંગ જિ. પંચાયતના નવનિયુક્ત હોદ્દેદારોએ ખુરશી સંભાળી લીધી

ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખ રાજેશભાઈ ગામીત, ઉપપ્રમુખ ઉષાબેન ધર્મેશ પટેલ અને વઘઇ તાલુકા પંચાયતના પ્રમુખ શંકુતલાબેન પાડવીએ વિકાસલક્ષી કામગીરીને વધુ ગતિ આપવાની વ્યક્ત કરી પ્રતિબદ્ધતા

સાપુતારા: ડાંગ જિલ્લા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ તરીકે રાજેશભાઈ મનસુભાઈ ગામીત તેમજ ઉપપ્રમુખ તરીકે ઉષાબેન ધર્મેશભાઈ પટેલે સત્તાવાર રીતે પદભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્યો, અધિકારીઓ, ભાજપના કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નવનિયુક્ત હોદ્દેદારોએ ડાંગ જિલ્લાના સર્વાંગી વિકાસ, ગ્રામ્ય વિસ્તારોમાં મૂળભૂત સુવિધાઓનો વિકાસ અને જનહિતનાં કાર્યોને પ્રાથમિકતા આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આગેવાનો અને શુભેચ્છકોએ બંને હોદ્દેદારોને પુષ્પગૂચ્છ અર્પણ કરી શુભકામનાઓ પાઠવી હતી. આ સાથે જ ડાંગ જિલ્લાના વઘઇ તાલુકા પંચાયતનાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ભાજપ સમર્થિત નવનિયુક્ત પ્રમુખે આજે સત્તાવાર રીતે પદભાર ગ્રહણ કર્યો હતો.વઘઇ તાલુકા પંચાયત ખાતે પ્રમુખ તરીકે સકુંતલાબેન સુભાષભાઈ પાડવીએ વિધિવત રીતે પદભાર સંભાળ્યો હતો. ડાંગ જિલ્લા પંચાયત અને વઘઇ તાલુકા પંચાયતમાં પદભાર ગ્રહણ પ્રસંગે આગેવાનો, કાર્યકરો તેમજ સ્થાનિક લોકોએ નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવી હતી.પદભાર ગ્રહણ પ્રસંગે ડાંગ જિલ્લા ભાજપ પ્રભારી રાજેશભાઈ દેસાઈ, ધારાસભ્ય વિજયભાઈ પટેલ, સંગઠન પ્રમુખ કિશોરભાઈ ગાવીત, મહામંત્રી બુધુ કામડી, પૂર્વ મહામંત્રી ધર્મેશ પટેલ, મંડલ પ્રમુખ પંકજ પટેલ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખ અને ઉપપ્રમુખ તથા વઘઇ તાલુકા પંચાયતના નવા પ્રમુખે પદભાર ગ્રહણ બાદ વિકાસલક્ષી કામગીરીને વધુ ગતિ મળશે તેવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

વલસાડ ન.પા.માં બેઠેલી એ 'ફૂટેલી કારતૂસ' કોણ?

પાલિકાની ટીમ જાય એ સાથે જ લારી-ગલ્લા પાછી ગોઠવાઈ જતા હોવા સામે લોકોમાં રોષ

વલસાડ: વલસાડ નગરપાલિકાના ભ્રષ્ટ વહીવટ અને અધિકારીઓની મિલીભગતનો વધુ એક પુરાવો આજે ફરી સામે આવ્યો છે. શહેરમાં ટ્રાફિક અને દબાણની સમસ્યા હલ કરવા નીકળતું પાલિકાનું તંત્ર પોતે જ મજાક બની ગયું હોય તેમ લાગી રહ્યું છે. આજે વલસાડના જાણીતા હાલર રોડ પર પાલિકાની ટીમ દબાણ હટાવવા (ડિમોલિશન) પહોંચે તે પહેલા જ તમામ લારી-ગલ્લાવાળાઓ રહસ્યમય રીતે ગાયબ થઈ ગયા હતા! આ ઘટના બાદ હવે જાહેર જનતામાં એક જ સવાલ ચર્ચાઈ રહ્યો છે કે, નગરપાલિકાની એ 'ફૂટેલી કારતૂસ' કોણ છે જે પાલિકાની ગુપ્ત કાર્યવાહીની માહિતી એડવાન્સમાં જ દબાણકર્તાઓ સુધી પહોંચાડી દે છે.

વલસાડ પાલિકાની ગાડી કચેરીમાંથી નીકળે તે પહેલા જ લારી-ગલ્લાવાળાઓને ફોન આવી જાય છે. આજે હાલર રોડ પર બરાબર આવું જ જોવા મળ્યું. ટીમ પહોંચી ત્યારે રસ્તો એકદમ સાફ હતો, જાણે કોઈ દબાણ હતું જ નહીં!

પાલિકાનો સ્ટાફ અને વાહનો કાગળ પર કામગીરી બતાવવા દોડતા હોય તેમ લાગે છે. જનતાના ટેક્સના પૈસાથી ચાલતા વાહનોનું ડીઝલ આવા નિષ્ફળ આંટાફેરામાં વેડફાઈ રહ્યું છે.

નગરપાલિકાની આબરૂના ધજાગરા ઉડતા હોય અને ઓપરેશન ફેલ થતા હોય, તો ઉચ્ચ અધિકારીઓ આ 'બાતમીદાર'ને પકડવા માટે કોઈ કડક પગલાં કેમ નથી લેતા? હાલર રોડના સ્થાનિક રહીશો અને વાહનચાલકો પાલિકાની આ લૂલી કામગીરીથી અત્યંત પરેશાન છે. લોકોનું કહેવું છે કે, પાલિકાની ટીમ જાય એટલે ગણતરીની મિનિટોમાં જ લારી-ગલ્લાવાળા પાછા રોડ પર ગોઠવાઈ જાય છે. આ દબાણ હટાવવાની કામગીરી નથી, પણ માત્ર સેટિંગ અને નાટક છે.

શું વલસાડ નગરપાલિકાના ચીફ ઓફિસર કે પ્રમુખ આ 'ફૂટેલી કારતૂસ'ને શોધીને તેની સામે કાયદેસરના પગલાં ભરવાની હિંમત બતાવશે? કે પછી વલસાડની જનતાએ ટ્રાફિકની સમસ્યામાં આમ જ સપડાતા રહેવું પડશે?

કપરાડા તાલુકામાં નિર્માણાધીન ચેકડેમ-વિયરનું કામ તાકીદે પૂરું થશે

ધારાસભ્યએ સ્થળ મુલાકાત લઈ જાણકારી મેળવી: એજન્સીના સંચાલકો, અધિકારીઓ દોડતા થયા

જરૂરી સૂચના આપી છે: ધારાસભ્ય

ધારાસભ્યએ જણાવ્યું કે, સ્થળ પર અધિકારીઓને ગુણવત્તાસભર અને સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા જરૂરી સૂચનાઓ આપી હતી. રાજ્ય સરકારની જનકલ્યાણલક્ષી યોજનાઓનો લાભ અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તે માટે સતત સ્થળ મુલાકાતો અને કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

વલસાડ: કપરાડા તાલુકાના વિવિધ વિસ્તારોમાં નિર્માણાધિન મોટા ચેકડેમો અને વિયરના નિર્માણાધિન કામોનું નિરીક્ષણ ધારાસભ્ય અને માજી પાણી પુરવઠા મંત્રી જીતુભાઈ ચૌધરી દ્વારા કરાયું હતું. ધારાસભ્ય ટીમ સાથે પહોંચતા એજન્સીઓના સંચાલકો, અધિકારીઓમાં દોડધામ મચી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ રાજ્ય સરકાર દ્વારા પાણીની સમસ્યાના કાયમી નિરાકરણ માટે હાથ ધરાયેલા મોટા ચેકડેમો અને વિયર વિસ્તારના લોકો અને ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. હાલમાં અંદાજિત 28થી 30 જેટલા મોટા ચેકડેમો અને વિયરોનાં કામો પ્રગતિ હેઠળ છે. વરસાદી મોસમ પહેલાં તમામ કામો પૂર્ણ થાય તે માટે તંત્ર દ્વારા ઝડપી ગતિએ કામગીરી કરવામાં આવી રહી છે. આ કામો પૂર્ણ થતાં વરસાદી પાણીનો મોટા પ્રમાણમાં સંગ્રહ શક્ય બનશે. જેના પરિણામે ભૂગર્ભ જળસ્તર ઊંચું આવશે અને વિસ્તારના કૂવા, બોરીંગ તેમજ અન્ય જળસ્ત્રોતોમાં પાણીની ઉપલબ્ધિ વધશે. ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળશે અને તેઓ વધુ સારી રીતે ખેતી કરી શકશે. ચેકડેમ અને વિયર જેવા જળસંચયના પ્રોજેક્ટો માત્ર પાણી સંગ્રહ પૂરતા મર્યાદિત નથી, પરંતુ ગ્રામ વિકાસ, કૃષિ વિકાસ અને આદિવાસી વિસ્તારના લોકોના જીવનસ્તરમાં સુધારો લાવવા માટે પણ મહત્વપૂર્ણ સાબિત થશે.

વાંસદાના કાંટસવેલ ગામે જુગાર રમતા છ પકડાયા

વાંસદા: વાંસદાના પીઆઈ જે.વી. ચાવડાને બાતમી મળી હતી કે તાલુકાના કાંટસવેલ ગામે ડુંગરી ફળિયામાં લીમડાના ઝાડ નીચે કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. હારજીતનો જુગાર રમતા ચેતન છગનભાઈ પટેલ, ગણેશ મણીલાલ પટેલ, રમેશ ફુલજીભાઈ પટેલ, જિતેન્દ્ર વિનુભાઈ પટેલ (તમામ રહે. કાંટસવેલ તળાવ ફળિયું તા. વાંસદા), વિજય ગમનભાઈ પટેલ અને મહેશ ભાનુભાઈ પટેલ (બન્ને રહે. દૂબળ ફળિયા ગામ, અમદાળ ફળિયું તા. વાંસદા)ને પોલીસે ઝડપી પાડ્યા હતા. દાવ પર મૂકેલ રૂ.1,250 તેમજ તેમની અંગ ઝડતી માંથી રૂ. 12,280 મળી આવતા 4 મોબાઈલ સહિત રૂ. 29,530 નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

પારડીમાં હીટએન્ડ રનમાં પિતાનું મોત , પુત્રને ઇજા

પારડીની ફાઉન્ટન હોટલ પાસે પિતા-પુત્રને ઉડાવી ટ્રક ચાલક ફરાર

પત્ની સાથે ઝગડો થતાં ઘરેથી નીકળી યુવકનું બનેવીની સામે જ મોત

પારડી : પારડીના ફાઉન્ટન હોટલ નજીક નેશનલ હાઇવે નંબર-48 પર મધ્યરાત્રીએ બનેલી હીટ એન્ડ રનની ઘટનામાં ઉત્તરપ્રદેશના પિતાનું મોત થયું હતું જ્યારે 4 વર્ષીય પુત્રને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માત સર્જી અજાણ્યો ટ્રકચાલક વાહન સાથે ફરાર થઈ જતા પારડી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મૂળ ઉત્તર પ્રદેશના રહેવાસી અને હાલ પારડી બાલદા GIDC વિસ્તારમાં સુનિલની ચાલમાં રહેતા 23 વર્ષીય સંદીપ પપ્પુ બનવાસીએ પારડી પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ચારેક દિવસ પહેલાં તેમનો સાળો મુ